સંદેશ, પાના નં-03, તા. ૨૪-૦૧-૨૦૨૫

# કોલ્ડ પ્લે : મોટેરાથી રાતના ૧૨:૩૦ વાગ્યા સુધી મેટ્રો ટ્રેન દોડાવાશે

। અમદાવાદ ।

અમદાવાદમાં તા. ૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ મોટેરા ખાતેના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કોલ્ડ પ્લે મ્યુઝિક કોન્સર્ટના આયોજનને ધ્યાને લઈને અમદાવાદ મેટ્રો દ્વારા બે દિવસ માટે મધ્યરાત્રિના ૧૨:૩૦ કલાક સુધી મેટ્રો ટ્રેન દોડાવવાનો નિર્ણય લેવાયો છે.

આ બે દિવસ દરમિયાન મેટ્રો ટ્રેન સેવા ફક્ત અમદાવાદમાં મોટેરા સ્ટેડિયમથી જ એપીએમસી તથા થલતેજ ગામથી વસ્ત્રાલ ગામના રૂટ પર ઉપલબ્ધ રહેશે. સામાન્ય દિવસોમાં સવારના ૬:૨૦થી રાતના ૧૦ વાગ્યા સુધી મેટ્રો દોડતી હોય છે પરંતુ આ કાર્યક્રમ પુરતા આ બે દિવસ માટે મોટેરાથી રાતના ૧૦ વાગ્યાથી દર આઠ મિનિટે રાતના ૧૨:૩૦ કલાક સુધી ટ્રેન મળી રહેશે. મોટેરાથી એપીએમસી તથા થલતેજ ગામ, વસ્ત્રાલના રૂટ પર મેટ્રો ટ્રેન મળી રહેશે. મોટેરા સ્ટેડિયમ અને ગાંધીનગર વચ્ચે મેટ્રો સેવાઓ લંબાવવામાં આવી નથી.

## પાંચ સ્ટેશનેથી ૫૦ રૂપિયામાં રિટર્ન પેપર ટિકિટ આજથી જ મળી રહેશે

રાત્રે ૧૦ કલાકે કાર્યક્રમ પતે પછી મોટી સંખ્યામાં લોકો મોટેરા સ્ટેશને ઉમટી પડે અને ટિકિટ લેવા અવ્યવસ્થા ન સર્જાય તે માટે તા.૨૪ જાન્યુઆરીથી જ સાબરમતી, ગાંધીગ્રામ, થલતેજ, જુની હાઈકોર્ટ અને કાલુપુર સ્ટેશનેથી મોટેરાથી ઉપડતી ટ્રેનની રિટર્ન પેપર ટિકિટ ૫૦ રૂપિયામાં આપવાનું આયોજન પણ કરાયું છે. કે જેથી મુસાફરો ટિકિટ ખરીદવા પડાપડી ન કરે અને સીધા જ ટ્રેનમાં બેસી મુસાફરી કરી શકે.